# 17. દીવાલ ઓળંગી લીધી

F1Q1B3

### તેની આંખોમાં સપનાં છે (ઇન્ડિયન એક્સપ્રેસ - 2007)




13 જ વર્ષની અફસાના મન્સુરી, જે ગુજરાન ચલાવવા વાસણો સાફ કરતી હતી. તેણે દીવાલ કૂદી લીધી હતી. દીવાલ તેની ઝૂંપડી અને સ્થાનિક બાસ્કેટબૉલ કોર્ટ વચ્ચે હતી. એ દીવાલ સમાજે છોકરીઓ માટે બનાવી હતી.

તેની માતાએ તેના માટે જાતિની (લિંગની) દીવાલ બનાવી હતી. આજે અફસાના પોતે નાગપાડા બાસ્કેટબૉલ ઍસોસિએશન (NBA) ઑફ મુંબઈ માટે મજબૂત આધાર (પાયો) બની ગઈ છે.

આજે, તે બીજી પાંચ છોકરીઓની પ્રેરણા-સ્રોત છે, જે તેમની રોજની મુશ્કેલીઓ પાછળ મૂકીને બાસ્કેટબૉલ કોર્ટમાં આવે છે.

આજે તે યુવા ટુકડી(ટીમ)નો તારો (ખાસ ખેલાડી) છે. આ ટીમે મુંબઈક્લબની ટીમને આશ્ચર્યમાં મૂકી દીધી છે. ખૂબ જ ખમીર અને હિંમત સાથે આ ટીમ જિલ્લા કક્ષાની ટુર્નામેન્ટની સેમીફાઇનલમાં પહોંચી ગઈ છે.

## ટુકડીની મુલાકાત

અમે સમાચારપત્રમાં અફસાના અને નાગપાડા બાસ્કેટબૉલ ટીમ વિશે વાંચ્યું. અમે વિચાર્યું આ છોકરીઓનો તમને પરિચય કરાવવા તેમની મુલાકાત લઈએ.

અમે ટ્રેન પકડી અને મુંબઈના છત્રપતિ શિવાજી (વિક્ટોરિયા) ટર્મિનસ સ્ટેશન (રેલવે સ્ટેશન) ઊતર્યા. ત્યાંથી અમે નાગપાડા તરફ ચાલવા લાગ્યા. અમને ત્યાં પહોંચવામાં ફક્ત વીસ જ મિનિટ થઈ.

ત્યાં અમે અફસાના અને નાગપાડા બાસ્કેટબૉલ ઍસોસિએશનની બીજી છોકરીઓને મળ્યા. ટીમના સભ્યો સાથેની મુલાકાત વિશે વાંચો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આ ખાસ ટીમને મળો

અફસાના, ઝરીના, ખુશનૂર અને આફરીનને મળો. પહેલાં તો તે છોકરીઓ શાંત હતી, પણ એકવાર તેમણે બોલવાનું શરૂ કર્યું પછી તેઓ બંધ જ ન થઈ.



ઝરીને શરૂ કર્યું, ''મારું ઘર આ મેદાનની બરાબર સામે છે. મારો ભાઈ ત્યાં રમતો હતો. હું મારા ઘરની બાલ્કનીમાં ઊભી રહેતી અને છોકરાઓને રમતાં જોતી. તે સમયે હું ધોરણ 7 માં ભણતી હતી. જ્યારે પણ છોકરાઓ મેચ રમતા, ઘણાં લોકો જોવા આવતાં. જીતનાર ટુકડીની ખૂબ જ પ્રશંસા થતી. બધાં ખેલાડીઓને બૂમો પાડી પ્રોત્સાહન આપતાં. આ બધું જોઈ, મને થતું કદાચ, હું પણ રમી શકું ? કોચ મારા પિતાના ખૂબ જ સારા મિત્ર હતા. તેથી મેં ગભરાતાં ગભરાતાં તેમને પૂછ્યું, શું મને પણ મારી પ્રતિભા બતાવવાની તક મળશે ? કોચે કહ્યું, ''કેમ નહિ ?  જો તું થોડી વધારે છોકરીઓ લાવીને એક ટીમ બનાવી શકે તો હું તમને શીખવાડીશ.''



### શોધી કાઢો :

- તમારા ઘર નજીક કોઈ રમતનું મેદાન છે ?
- ત્યાં કોણ રમે છે ? તેઓ ત્યાં શું રમે છે ?
- તમારી ઉંમરનાં બાળકોને પણ ત્યાં રમવાની તક મળે છે ?
- તે જગ્યાએ બીજી કઈ પ્રવૃત્તિઓ થાય છે ?

**શિક્ષક માટે :** બાળકોને તેમના રમત વિશેના અનુભવોની આપ-લે કરવાની તક આપો. બાળકોને આવા મુદ્દાઓ જેવા કે છોકરાઓ અને છોકરીઓ માટે સરખી રમતો, દરેકને રમતી વખતે સમાન તકો વગેરેની સમજણ કેળવવા ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## અમે પૂછ્યું –શું શરૂઆત કરવી સરળ હતી ?

**ખુશનૂર :** પહેલાં તો મારાં માતાપિતાએ ના પાડી. પરંતુ મેં જ્યારે જિદ્દ કરી, તો તેઓ માની ગયાં.

**અફસાના :** મારી માતા બીજાના ઘરે કામ કરવા જાય છે અને અમને શાળાએ મોકલે છે. હું પણ તેમને મદદ કરું છું. જ્યારે મેં મારી બાસ્કેટબૉલ રમવાની યોજના વિશે કહ્યું, ત્યારે માતા ગુસ્સે થઈ. તેણે કહ્યું, ''છોકરીઓથી બાસ્કેટબૉલ ન રમાય. તારું કામ કર, શાળાએ જા અને મહેનત કર. મેદાન પર જઈને રમવાની જરૂર નથી.'' પરંતુ જ્યારે મારા મિત્રો અને કોચે મારી માતાની સાથે વાત કરી ત્યારે તે માની ગઈ.

**આફરિન :** અમને પરવાનગી ન હતી કારણ કે અમે છોકરીઓ છીએ. મારાં દાદી અમારાં બધાં ઉપર ખૂબ ગુસ્સે થયાં. છતાં પણ અમે ત્રણે બહેનો અહીં રમવા આવતી હતી. દાદી અમને લડ્યાં અને અમારા કોચને પણ! તેમણે કહ્યું, ''તમને રમવા યોગ્ય સાધનોની જરૂર પડશે. તમને શક્તિ માટે ખૂબ જ દૂધ લેવાની જરૂર છે. આ બધાં માટે પૈસા ક્યાંથી આવશે ? પરંતુ પિતાજી અમારી લાગણી સમજી ગયા હતા. તેમણે અમને રમતમાં વપરાતી ખાસ પ્રયુક્તિ (ચાલ) શીખવી. જ્યારે પિતાજી નાના હતા ત્યારે તે પણ આ મેદાન પર રમતા હતા. તેમની પાસે યોગ્ય બૂટ અને કપડાં ન હતાં. તેઓ પ્લાસ્ટિકના બૉલથી રમતાં હતા.

પિતાજી અમને કહેતાં જ્યારે અમે રમતા હતા ત્યારે બચ્ચુખાન કોચ હતા. એકવખત જ્યારે તેમણે મારા પિતાને રમતા જોયા હતા ત્યારે તેમને લાગ્યું કે આ છોકરો સારું રમે છે અને તેને યોગ્ય કેળવણી આપવી જોઈએ. તેમણે મારા પિતાને યોગ્ય બૂટ અને કપડાં આપ્યાં. મારા પિતાજી સારા ખેલાડી બની શક્યા હોત, પરંતુ તેમની ઘર પ્રત્યેની જવાબદારીઓના કારણે, તેમણે રમત છોડી દેવી પડી અને નોકરી કરવી પડી. તેથી તે અમને રમવા દેવા માગતા હતા અને અમને સારા ખેલાડી બનાવવા માંગતા હતા.





**કહો :**

- તમને કોઈએ ક્યારેય રમતો રમતાં અટકાવ્યાં છે ? કઈ રમતો ?
- તમને કોણે અટકાવ્યાં અને કેમ ? પછી તમે શું કર્યું ?
- તમને કોઈએ રમવા માટે પ્રોત્સાહિત કર્યા ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## અમે પૂછ્યું – અમને તમારી ટીમ વિશે કહો.

**એક છોકરી :** શરૂઆતમાં અમને મેદાનમાં રમવા જવાનું થોડું વિચિત્ર લાગ્યું. કારણ કે, છોકરીઓની ટીમ તરીકે અમારી ટીમ પહેલી હતી. અમે જ્યારે મેદાનમાં રમતાં ત્યારે લોકો અમને જોવા આવતાં. તેઓ જિજ્ઞાસુ હતા કે છોકરીઓ વળી કેવી રીતે બાસ્કેટબૉલ રમતી હશે! હવે તેઓને નવાઈ જેવું લાગતું નથી. તેઓએ સ્વીકારી લીધું છે કે છોકરીઓ પણ સારી રીતે બાસ્કેટબૉલ રમી શકે છે.

**અફસાના :** અમે જ્યારે પહેલીવાર રમવાનું શરૂ કર્યું ત્યારે હું અગિયાર વર્ષની હતી. તે સમયે અમને કોઈ જગ્યાએ મૅચ રમવા જવાની છૂટ ન હતી. તેનાં હવે બે વર્ષ થઈ ગયાં છે. હવે અમે બીજી જગ્યાએ પણ મૅચ રમવા જઈએ છીએ. પરંતુ આ બધું ફક્ત અમારી સખત મહેનત અને કોચની તાલીમના લીધે શક્ય બન્યું.

**બીજી છોકરી :** હા, અમે સાચે જ સખત મહેનત કરી છે. કોચ ખૂબ જ કડક છે. અમે પહેલાં સાથે દોડીએ છીએ અને પછી કસરત (exercise-ઍક્સરસાઈઝ) કરીએ છીએ. રમત સારી રીતે કેમ રમાય તે કોચ અમને શીખવે છે. બૉલ અમારી પાસે કેવી રીતે રાખવો, બૉલ કેવી રીતે આપણી ટુકડીના ખેલાડીને આગળ પાસ કરવો, બૉલ લઈને કોર્ટ પર ઝડપથી દોડવું. સામેની ટુકડીના ખેલાડીને ટાળીને બૉલ બાસ્કેટમાં કેવી રીતે નાખવો તથા 'ગોલ-પ્રાપ્તાંક' કેવી રીતે વધારવો તેનો અમે ખૂબ જ અભ્યાસ કરતા હતા.

**આફરિન :** કોચ કહે છે, "જ્યારે રમતાં હોય ત્યારે એવું નહિ વિચારવાનું કે તમે છોકરીઓ છો. ખેલાડીની જેમ રમો. જો તમને થોડી ઈજા થઈ હોય તો પણ રમવાનું ચાલુ રાખો." અમે એકબીજાને ટેકો આપતાં અને કહેતાં – "ચલો ઊઠો, તમને સારું થઈ જશે!" હવે અમારી રમત ખૂબ જ સુધરી છે. દરેક જણ કહે છે કે અમે ખૂબ સરસ રમીએ છીએ.



**શિક્ષક માટે :** વર્ગમાં બાળકોનાં જુદાં-જુદાં જૂથ બનાવી તેઓને જુદી-જુદી રમતો રમવાની તક આપો. બાળકોને ટીમ માટે રમવા પ્રેરિત કરો, નહિ કે પોતાના માટે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**એક છોકરી :** અમે છોકરાઓની ટુકડી સાથે પણ રમીએ છીએ અને તેમને હરાવીએ પણ છીએ.



### ચર્ચા કરો :

- શું તમારી શાળા કે પડોશમાં છોકરાઓ અને છોકરીઓ જુદાં જુદાં પ્રકારની રમતો રમે છે ? જો હા, તો છોકરાઓ કઈ રમતો રમે છે અને છોકરીઓ કઈ રમતો રમે છે ?
- શું તમે વિચારો છો કે જુદી જુદી રમતોને છોકરાઓ અને છોકરીઓ જે રીતે રમે છે તેમાં કોઈ તફાવત છે ?
- છોકરાઓ અને છોકરીઓની રમતો જુદી જુદી હોવી જોઈએ ? તમે શું વિચારો છો ?

## અમે કહ્યું – તમારી ટીમ વિશે વધારે કહો

**એક છોકરી :** અમારી ટીમ ખાસ છે. અમારી ટીમમાં એકતા સારી છે. જો અમે ઝઘડો પણ કરીએ, તો પણ તરત જ એક થઈ જઈએ અને ઝઘડા વિશે ભૂલી જઈએ. અહીં અમે કેવી રીતે સાથે રહેવું અને રમવું તે શીખ્યા.

અમારી ટીમની થોડી છોકરીઓને મુંબઈની ટીમમાં રમવાની તક પણ મળી છે. – મૅચ સોલાપુર હતી.

**ઝરીન :** જ્યારે અમે સોલાપુર ગયા અમે જોયું કે ટીમમાં જુદાં જુદાં રાજ્યોની છોકરીઓ હતી. તેઓ અમારી સાથે સારી રીતે વાત કરતી ન હતી અને અમને ઊતરતી કક્ષાની સમજી વર્તતી હતી. તેઓ અમને સરખી રીતે રમવાની તક પણ નહોતી આપતી. અમને ખૂબ જ ખરાબ લાગતું હતું. તે ટીમના ખેલાડીઓમાં જરાય પણ સહકાર (co-operation-કો-ઓપરેશન) જેવું ન હતું.

**શિક્ષક માટે :** જો શક્ય હોય તો બાળકોને સમજાવવા પ્રયત્ન કરો કે ખેલાડીઓ તેમની જાતિ અને આર્થિક સ્તરને બદલે તેમની રમવાની ક્ષમતાના આધારે ઓળખાય છે. એક સમયે રાષ્ટ્રના રક્ષણનું કામ પુરુષોનું જ સમજવામાં આવતું હતું. આજે દુનિયાના ઘણાં દેશોએ પોતાના સૈન્યમાં મહિલાઓનો સમાવેશ કર્યો છે. આપણા ઈતિહાસમાં પણ બહાદુરીથી લડનારી વીરાંગનાઓ જોવા મળે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મૅચ દરમિયાન મેં બૉલ ટીમના એક સભ્ય સામે ફેંક્યો. પરંતુ તે પકડી શકી નહિ. તે મને લડવા લાગી, ભૂલ માટે મને જવાબદાર ઠેરવવા લાગી. આ બધી ગેરસમજમાં અમે મૅચ હારી ગયા. પરંતુ આવું ક્યારેય અમારી પોતાની ટીમમાં થયું ન હતું. જો કોઈની ભૂલના લીધે અમે બાસ્કેટ ચૂકી જઈએ તો અમે ગુસ્સો કરતા ન હતા. કહેતા, ''કંઈ વાંધો નહિ. ફરી વાર આપણે સારું કરીશું !'' એકબીજાને ટેકો આપવો એ ખૂબ મહત્ત્વનું છે, કારણ કે આપણે બધા ટીમનો એક ભાગ છીએ.



**આફરિન :** સોલાપુરમાં રમ્યા પછી અમને સમજાયું કે અમારી ટીમમાં શું ખાસિયત છે ? અમારી વચ્ચેનો સહકાર એ જ અમારી તાકાત છે. એ વાત અમે સમજ્યા અને એકબીજાને ટેકો આપવા લાગ્યા. જો અમારી ટીમમાં સહકાર ન હોય તો અમારી ટીમનો દરેક ખેલાડી કુશળ હોવા છતાં પણ અમે મૅચ હારી શકીએ. એક ટીમની જેમ રમવા માટે એકબીજાની તાકાત અને નબળાઈ સમજવી જરૂરી છે.

**લખો :**



- તમે શાળા કે શાળા બહાર ક્યારેય તમારા વર્ગની ટીમના ભાગ તરીકે રમ્યા છો ? તમે કોની સાથે રમ્યા છો ? તમે કઈ રમત રમ્યા છો ?
- પોતાના માટે રમવું અને ટીમ માટે રમવું એમાં શું તફાવત છે ?
- જ્યારે તમે ટીમમાં રમતા હો ત્યારે તમને પોતાના માટે રમવું ગમશે કે ટીમ માટે ? કેમ ?
- તમારી ટીમ અફસાના સોલાપુરમાં જે ટીમમાં રમી તેવી છે કે નાગપાડાની ટીમ જેવી છે ? કેવી રીતે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## અમે કહ્યું – તમે ઘણુંબધું કર્યું. હવે પછી શું ?




**અફસાના :** અમે સારું રમ્યા છીએ તેથી અમને ઘણીબધી જગ્યાએ રમવાની તકો મળી છે. અમે અમારા શહેર અને રાજ્ય માટે રમ્યા છીએ. અમને આશા છે કે ક્યારેક અમે અમારી સખત મહેનતથી અમારા દેશ માટે રમીશું.

હા, પછી અમે પણ ક્રિકેટના ખેલાડીઓની જેમ પ્રસિદ્ધ બની જઈશું !

અમે બધાં સારું રમવા માંગીએ છીએ. અમે અમારા વિસ્તાર અને દેશની કીર્તિ વધારીશું. અમે બતાવવા માંગીએ છીએ કે ભારતની છોકરીઓની ટીમ સુવર્ણચંદ્રક જીતી શકે છે. અમે આ સ્વપ્ન સાકાર કરીશું.





### ચર્ચા કરો :

- તમે ક્યારેય શાળામાં કે તમારા વિસ્તારમાં કોઈ રમત (game-ગેમ) કે સ્પર્ધા (competition-કોમ્પિટિશન)માં ભાગ લીધો છે ? તમને કેવો અનુભવ થયો હતો ?
- તમે કોઈ બીજી જગ્યાએ રમવા ગયા છો ? તે જગ્યા કેવી હતી ? તમને તે જગ્યાએ જવું કેવું લાગ્યું ?
- તમે ભારત અને બીજા દેશો વચ્ચે રમાતી મૅચ જોઈ છે ? કઈ ?

**શિક્ષક માટે :** બાળકોને ખેલાડીઓ કયા હોદ્દા કે ક્રમાંક પર રમે છે તેના કરતાં કેટલી નિષ્ઠાથી રમે છે તે સમજાવવું જરૂરી છે. જો ખેલાડી કોઈ પણ રમત રમે ત્યારે પૂરી લગનથી ભાગ લે તો તે તેની સાચી સિદ્ધિ હશે. તે અગત્યનું નથી કે તે કયા ક્રમાંક પર આવે છે. હકીકતમાં, ખેલદિલી વિનાની અને ક્રમાંક માટેની સ્પર્ધા ટાળવી જરૂરી છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમે કઈ કઈ રમતો રમો છો ?

_______________________________________

- તમે જાણતા હોય, તેવા ખેલાડી અને તેમની રમતનાં નામ લખો.

_______________________________________

_______________________________________

_______________________________________

## અમે પૂછ્યું – શું તમને કોઈ તકલીફ પડી હતી ?

**ખુશનૂર :** સાચું કહું તો, અમને આ બધું સરળતાથી મળ્યું ન હતું. છોકરીઓ તરીકે રમત રમવાની શરૂઆત કરવી તે ખૂબ મુશ્કેલ હતું. અમારે અમારા પરિવારજનોને મનાવવાના હતા. એ માટે ઘણી વખત અમારે ઝઘડવું પણ પડતું. આજે પણ ઘણી છોકરીઓ આ રીતે રમી શકતી નથી. રમત તો ઠીક, પહેલાંના સમયમાં લોકો છોકરીઓને ભણવા પણ જવા દેતા ન હતા. મારી માતાને ઘણુંબધું કરવું હતું, પરંતુ તેને ક્યારેય તક મળી ન હતી. તેથી મારી માતા મને બધી પ્રવૃત્તિઓ જેવી કે રમવું, તરવું અને નાટકમાં ભાગ લેવો વગેરે માટે પ્રોત્સાહિત કરે છે.

**અફસાના :** અત્યારે પણ, અમે જેવી રમત પૂરી કરીએ કે તરત જ ઘરે જવું પડે છે. છોકરાઓ અહીં-તહીં જઈ શકે અને મોડે સુધી વાતો કરી શકે. તેમને કોઈ કંઈ જ કહેતું નથી. શાળાએથી આવ્યા બાદ, હું મારી માતાને બે-ત્રણ ઘરોની સફાઈમાં મદદ કરું છું, મારું ભણું છું અને પછી અહીં રમવા આવું છું. હું ઘરકામમાં પણ મદદ કરું છું. જો મારા ભાઈને ચા જોઈતી હોય અને તે પોતાના માટે ચા બનાવે તો માતા કહે, ‘‘તેને ત્રણ બહેનો હોવા છતાં પણ કામ કરવું પડે છે.’’

**એક છોકરી :** હવે, ઝરીનના નાનાભાઈને જુઓ. તે ફક્ત પાંચ જ વર્ષનો છે પરંતુ તે કહે છે, ‘‘મમ્મી, તમે દીદીને શા માટે રમવા જવા દો છો ? તે મેદાનમાં આવી રીતે રમતાં સારી લાગતી નથી.’’ તેની મમ્મીએ પૂછ્યું, જો તું રમવા જઈશ તો ? આ સાંભળી તેણે કહ્યું, ‘‘હું છોકરો છું, હું તો અવશ્ય રમીશ જ!’’

**અફસાના :** પરંતુ રમવું એ દરેક વ્યક્તિ માટે સારું છે. હવે અમને સમજાયું કે રમવાથી આપણને કેટલા ફાયદા થાય છે. મારે એટલા સારા ખેલાડી બનવું છે કે બીજા છોકરાઓ અને છોકરીઓ મારા જેવા બનવા ઇચ્છે (પ્રેરણા મેળવે).




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



**ચર્ચા કરો :**

K6J1V9

- જો છોકરીઓને રમત રમવા દેવામાં ન આવે, ભણાવવામાં ન આવે અથવા તેમની પસંદના બીજાં કામ ન કરવા દેવામાં આવે તો શું થાય ? જો આવું છોકરાઓ સાથે થાય, તો તમને કેવું લાગે ?
- જો તમને કોઈ રમત અથવા નાટકમાં ભાગ લેવા દેવામાં ન આવે, તો તમને કેવું લાગે ?
- તમે કોઈ મહિલા ખેલાડી વિશે સાંભળ્યું છે ? તેમનાં અને તેઓ જે રમત રમે છે તેનાં નામ આપો.
- રમતગમત સિવાય બીજાં કયાં ક્ષેત્રોમાં સ્ત્રીઓને સ્વીકૃતિ મળી હોય, એવું તમે સાંભળ્યું છે ?
- શું આ સ્ત્રીઓ પુરુષો સમોવડી જણાય છે ? કેમ ?
- તમે એવી કોઈ સ્ત્રી કે છોકરીને જાણો છો કે મોટા થઈને તમે તેમના જેવા બનવા માગતા હોય ? (સમાજસેવિકા, કવયિત્રી, રાષ્ટ્રપ્રેમી, અવકાશયાત્રી)



## હવે શું ?

**આફરિન :** મારે એટલું જ કહેવું છે કે જો તમારું પોતાના માટે કોઈ સ્વપ્ન હોય, તો તેને પૂરું કરવામાં તમારું ઉત્તમ યોગદાન આપો.

**ખુશનૂર :** જો તમારી કોઈ ઇચ્છા કે સ્વપ્ન હોય, તો તેની રજૂઆત કરવાની હિંમત રાખો. જો તમે એ અત્યારે નહિ કરો, તો પાછળથી તમને પસ્તાવો થશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**અમે કહ્યું – સમાચારપત્રમાં તમારા બધા વિશે લખ્યું હતું. હવે વિદ્યાર્થીઓ આ પાઠ્યપુસ્તકમાં તમારા વિશે વાંચશે. તમને કેવું લાગશે?**

**આફરિન :** અમે આ વાતથી એટલા ખુશ છીએ કે અમારી ખુશી વ્યક્ત કરવા અમારી પાસે શબ્દો નથી. અમને હવે એવું થાય છે કે અમારે અમારા ગામ/શહેર અને અમારા દેશને પ્રસિદ્ધ બનાવવા માટે સારું જ રમવું પડશે.

**બધી છોકરીઓ :** હા, અમારી પણ આ ઈચ્છા છે.

### કોચસાહેબ

આ ટીમ બનાવનાર કોચ - નૂરખાને અમને કહ્યું, ‘‘મુંબઈનો આ વિસ્તાર ખૂબ જ ભીડવાળો છે. આ વિસ્તારમાં આ એક જ મેદાન છે. આ અમારું ‘બચ્ચુખાન મેદાન’ છે. અમારા વિસ્તારમાં મુસ્તફાખાન નામનો એક માણસ રહેતો હતો. દરેક જણ તેનાથી ડરતાં, પરંતુ બાળકો તેને ખૂબ પ્રિય હતાં. તેથી લોકોએ તેને બચ્ચુખાન નામથી બોલાવવાનું ચાલુ કર્યું. ત્યારે આ મેદાન ન હતું, તે ફક્ત કાદવવાળી જમીન હતી. બચ્ચુખાન બાળકોને રમતનો અભ્યાસ કરાવતો. અમે પણ તે બાળકોમાંના જ હતાં. બચ્ચુખાનની નિષ્ઠા અને અભ્યાસના કારણે આ વિસ્તારના ખેલાડીઓ બીજા દેશોની ટીમ સામે સ્પર્ધા કરવા સક્ષમ બન્યા. બચ્ચુખાનની જેમ મેં પણ આ વિસ્તારનાં બાળકોને તાલીમ આપી છે. આજે અમારી ટીમમાં ઘણા ખેલાડીઓ એવા છે જેઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમે છે. કેટલાકને તો અર્જુન પુરસ્કાર પણ મળ્યા છે.




નૂરખાને ચાલુ રાખ્યું - ‘‘છેલ્લાં કેટલાંક વર્ષોમાં અમે છોકરીઓની ટીમ પણ બનાવી છે. અમારી ટીમની છોકરીઓ મહારાષ્ટ્ર રાજ્ય માટે રમે છે. તેઓ સારી શિસ્તબદ્ધ રીતે રમે છે. અમારાં છોકરાઓ અને છોકરીઓ જુદાં-જુદાં કુટુંબમાંથી આવે છે. કેટલાંક ગરીબ ઘરનાં, તો કેટલાંક ધનવાન ઘરનાં છે. કેટલાંક ઉર્દૂ માધ્યમમાં અને કેટલાંક અંગ્રેજી માધ્યમમાં ભણે છે. પરંતુ એકવાર અહીં આવ્યા પછી તેઓ એક ટીમની જેમ વર્તે છે. એકતા (unity-યુનિટી) એ અમારી ટીમનો જીવનમંત્ર (motto-મોટો) છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિચારો અને લખો :

- સમાચારપત્રનો અહેવાલ કહે છે, ''અફસાના તેની માતાએ બનાવેલી જાતિની દીવાલને કૂદી ગઈ હતી.'' તમે 'જાતિ પૂર્વગ્રહ' (gender bias-જેન્ડર બાયસ) (લિંગભેદ) દ્વારા શું સમજ્યા ? વિચારો અને તમારા શબ્દોમાં લખો.



### આપણે શું શીખ્યાં



- છોકરાઓ અને છોકરીઓ માટે રમતો અલગ હોવી જોઈએ ? તમે શું અનુભવો છો. વિચારો અને લખો.
- જો તમને તમારી ટીમના નેતા બનાવવામાં આવે, તો તમે તમારી ટીમને કેવી રીતે તૈયાર કરશો ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in